





ભટકી ભ્રષ્ટાચારથી ખાયકી ખૂબ ખટકી છે,
તુટૂં તુટું થાય સરકાર, તાંતણે લટકી છે,
મટકી ફોડ ગોવિંદાઓની દ્રષ્ટિ મલાઇ પર -
કટકી તપાસે, વટકી માયા, ટેકે છટકી છે..




નિવેદનનાં
લાગશે ઉંબાડિયાં -
થશે ભડકા..
(ટિકીટ હોળી..)

જાય જ્યાં ઉકો,
થાય સમુદ્ર સૂકો -
પડે ભાગલા..
(બિહાર ભાજપામાં વિવાદ)

## ચિંતન

**કૌપીનં ધૃતવાન્હરો અપિ ભગવાન વિષ્ણું પ્રવિષ્ટો જલં વારાં રાશિરપેતામુપગતઃ કો નામ દાતુ ક્ષમઃ ।**
**ઇત્યં વિશ્વસૃજા વિચિન્ત્ય ચવનાગારા ધિકારાર્થિનઃ સદ્વિધાનજિવનર્થમધુના વ્યાપારિણો નિર્મિતાઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય : 'વ્યાપારીઓ' માંથી આ શ્લોક છે :

વિશ્વકર્તા એ 'વેપારી'નું સર્જન શા માટે કર્યું એની આ શ્લોકમાં કલ્પના છે :

'શિવ-મહાદેવનો લંગોટી ધારણ કરી વિશ્વથી વૈરાગ્ય લઈ લીધો, અને ભગવાન વિષ્ણુ પણ યાચકોથી કંટાળી જલમાં (સમુદ્રમાં) પ્રવેશી ગયા. અને સમુદ્રના પાણીનાં ભંડાર પણ ખારા થઇ ગયા. હવે દાન આપવાને માટે કોઇ રહ્યું જ નહીં, એમ વિચારી વિધાતાએ 'વેપારીઓ' નું સર્જન કર્યું જે પોતાના સાહસ અને બુધ્ધિથી યવનોના ઘરમાં પેસીને પણ પોતાનો અધિકાર-નફો મેળવી લે છે, એવા વેપારીનું સદ્‌વિદ્યા-પંડિત એન વિદ્વાનોના જીવન નિર્વાહ માટે સર્જન કર્યું.'

'વેપારી' જે રીતે સાહસથી કમાય છે એવી જ એનામાં ધર્મપ્રત્યે અનુરાગ અને દાન-પુણ્યની વૃત્તિ પણ વધારે છે.

## સુવિચાર

- ક્યારેક વધારે પડતું બોલવું કે કસમયનું બોલવું, શુભકાર્યમાં વિઘ્નકર્તા બને છે — **એસ. ભટ્ટાચાર્ય**
- વાણીથી માણસ પરખાય છે, વાણી એવું વર્તન — **કબીર**
- તમારા મોંમાં શું જાય છે એટલું મહત્ત્વનું નથી જેટલું મોં માંથી શું નીકળે છે તે મહત્ત્વનું છે — **જે. કૃષ્ણમૂર્તિ**
- એક અપમાનજનક શબ્દ જીવનભર કડવાસ સર્જી શકે, એક પ્રોત્સાહનનો શબ્દ જીવનભરમાં ઉત્સાહ ભરી દે, એક આશ્વાસનનો શબ્દ જીવનમાં પ્રેરણા ભરી દે — **ફાધર વાલેસ**
- મારી વાણીથી મને ઘણીવાર અફસોસ થયો છે પણ મારા મૌને મને કદાપિ છેહ નથી આપ્યો — **સાયરસ**
- વાણી દ્વારા કોઇના હૃદયને ઇજા પહોંચાડશો નહીં — **બુધ્ધ**
- વાણીનો ન્યૂનત્તમ ઉપયોગ કરી મહત્મ લાભ લ્યો — **અરિસ્ટોટલ**

## બોધ કથા

બુધ્ધિશાળી માણસો કોઇને સલાહ-સૂચન આપે તો પણ ઘણીવાર સામેની વ્યક્તિને દુઃખ ન થાય છતાં તેમની વાત સમજાય અને અસરકારક લાગે એવી રીતે જ આપતા હોય છે, ઘણીવાર લોકોને સલાહ-સૂચન-માર્ગદર્શન ગમતાં હોતાં નથી.

રાજા સોલામન બુધ્ધિશાળી હતો, વિદ્વાન હતો. પશુ-પંખીની ભાષા પણ સમજતો. એવું કહેવાય છે દયાળુ તો હતો જ પણ સાથે સાથે નાનામાં નાનાં જંતુ કીડીથી કરી વિકરાળ પ્રાણીઓ તરફ પણ એને પ્રેમ હતો..

સોલોમનની રાણી જરા અભિમાની અને તુમાખી સ્વભાવની હતી. ઘણીવાર સોલોમનની વાતોમાં એને 'વેદીયા' પણ દેખાતું. એકવાર સોલોમાન રાણી શીલા સાથે મોટો કાફલો લઇ 'વનવિહાર' કરવા જતો હતો. રસ્તો સાંકળો કેડી માર્ગ હતો. સોલોમનનો ઘોડો મોખરે હતો પછી બધા ઘોડા એક-એકની હારમાં પાછળ આવતા હતા.

સોલોમનની નજર નીચે પડી. કેડી વચ્ચે જ મોટો કીડીઓનો રાફડો હતો. સોલોમને ઘોડો રોક્યો ખૂબ હસવા લાગ્યો.

રાણી શીબાએ કારણે પૂછ્યું. સોલોમન કહે, 'આ કીડીઓ અંદરોઅંદર વાત કરે છે કે આ મૂરખ રાજાની ફોજના ઘોડા હમણાં જ આપણો કચ્ચરઘાણ કાઢી નાંખશે.'

આપણે રસ્તો છોડી બાજુએથી જઇએ, અને કીડીઓને બચાવી લીધી..

જો શીબાને સીધી રીતે કહ્યું હોત તો માનત નહીં, આને કહેવાય બુધ્ધિ..

# ભાર વિનાનું - ભવિષ્યની અપેક્ષા વિનાનું... એ જીવન જેની અંદર પણ જીવન અને બહાર પણ જીવન... પણ તેના માટે ઘણું બધું છે જે મારે ને તમારે ફૂંકવું પડશે... સાચી વાત ને?

**કોફી હાઉસ**
- ઉત્સવ પરમાર

**ઐસા બહોત કુછ હૈ જિસે મૈં ફૂંક દેના ચાહતા હૂં**

ગુલઝારની એક સમય મજાની ત્રિવેદી છે.
મૈં સિગરેટ તો નહી પીતા,
લેકિન આને વાલે હર કિસી સે પૂછ લેતા હૂં
"માચિસ હૈં?"
ઐસા બહોત કુછ હૈ જિસે મૈં ફૂંક દેતા ચાહતા હૂં

જી... હા... લગભગ દરેકનાં મગજમાં આવી તોડફોડ ચાલતી રહે છે. એક ઘટનાક્રમ તમારી આંખ સામે ફરી જાય છે... રંગ વગરનાં ચિત્રોમાંથી લોહી નીકળવા માંડે છે, સળગતા પથ્થરોમાં ઓગળેલો ધુમાડો ફેલાવા લાગે છે, ફીક્કા વાદળોની કાળી વીજળીની એક ચમક વચ્ચે ચહેરા ખોવાઇ જાય છે... નિરાશા... નિરર્થકતા... એ આક્રોશ.... ક્રોધ... ગુસ્સો... દિમાગની ગહરાઇથી દિલની સતહ સુધી... હા, ઐસા બહોત કુછ હૈ જિસે મૈં ફૂંક દેના ચાહતા હૂં.

સૂરજનાં વિખરાયેલાં આસમાની રંગોથી સ્યાહ રાતોમાં પીગળતી ચાંદની સુધી દિવસભરની ઘટનાઓનો ઇતિહાસ આંખની કીકીઓમાં તૂટેલાં આયના જેવાં ટૂકડા દેખાડે છે... કેટલીક તસ્વીરો, કેટલીક ખૂશ્બુઓ, કેટલાંક ખ્વાબો, કેટલીક હકીકતો... જીવનની ધડકતી નસોની સવારી પર સરક્યા કરે છે...!! હલચલનો - ખલબલીનો એક દૌર પસાર થઇ જાય છે ને પછી એક અસહ્ય ખામોશી... વાદળોની જેમ ઉમડતી - બે ધબકારા વચ્ચેની જગ્યાં જેવી - પંખા વિનાના સફેદ રૂમ જેવી - ખામોશી - જેનો કોઇ આકાર નથી. પણ સતત અનુભવાયા કરે છે... હા, બહોત કુછ ઐસા હૈ જિસે મૈં ફૂંક દેના ચાહતા હૂં.

જીવન છે... જે વારંવાર અંદર - બહાર થયા કરે છે... બારીમાંથી ડોકિયાં કરે છે તે પછી પાછી બારી બંધ કરી દે છે - એ રસ્તા પર કાંકરીચાળો કરે છે - નદીઓમાં પથ્થર ફેંકે છે - વળી પાછી બારી બંધ કરી દે છે... એને વારંવાર સંતાઇ જવાની ટેવ છે, એનાં છૂપાવવાની જગ્યા ખબર છે પણ જાતને છેતરવાનું ક્યારે શીખી જવાય છે એની ખબર નથી રહેતી... પોતાની જાતથી બચવાની એક જીદ ઊભી થઇ જાય છે... અને પછી હા, બહોત કુછ ઐસા હૈ જિસે મૈં ફૂંક દેના ચાહતા હૂં...

તૂટેલાં મકાનો, રાખનાં ઢગલાં, ઊંચો ઉઠતા ધુમાડા, લોહીનાં સુકાયેલા ડાઘા, ખરી પડેલાં પાંદડા, કદી કોઇ અવાજ જ ના સાંભળ્યો હોય એવા માણસો, ટ્રેનની છત પરથી પસાર થતાં કેબલ વાયરો, કચરાનાં ઢગલા પર ઊભા રહીને વાછરડાને દૂધ પીવડાવતી ગાય, ઝુગ્ગીઓમાં જિંદગીઓને કેદ કરી નાંખતી બાટલીઓ, ઉધઇ લાગેલા ઝાડ, કચડાયેલી પ્લાસ્ટીકની બોટલો, પ્લાસ્ટિકનાં ફૂલો, લોખંડના પતંગિયા, માછલી વિનાના દરિયા, સળગી સગળીને કાળા પડી ગયેલા સપનાં... ને જિંદગીનાં શ્વાસોમાં ફૂંકાતી મોત... હા... બહોત કુછ ઐસા હૈ જિસે મૈં ફૂંક દેના ચાહતા હૂં...!!

ભીંતર એક વિદ્રોહ છે, બળવો છે, વિપ્લવ છે... અને બહાર સન્નાટો છે - ખુરાફાતી શાંતિ છે...! જુદા જુદા નામનાં એક જેવા જ ચહેરા છે... આઇડેન્ટીટી કાર્ડમાં ખોવાયેલા માણસો છે... ક્રાંતિની મશાલો નીચેનાં અંધારા જેવા માણસો...!! સાવ સાચું લાગે તેવું જૂઠ બોલતાં માણસો... ખૂન ચૂસીને હોઠ લાલ રાખતાં માણસો... તડકાઓનાં શહેરમાં અંધારા વેચતાં માણસો... કૂતરાઓની દુનિયામાં ગળે પટ્ટો રાખીને ફરતાં માણસો... ખુલ્લી આંખો રાખી કબરમાં સૂતાં માણસો... રમખાણોમાં પથરાં ફેક્યાં પછીય કહેવાતાં માણસો... દુઃખોનાં વ્યાપારમાં સુખી થઇ જતાં માણસો... ખંજરની ચમક જોઇને હસતાં માણસો... હા... ઐસા બહોત કુછ હૈ જિસે મૈં ફૂંક દેના ચાહતા હૂં...!!

મર્યાદા - બંધનો - સરહદોની દુનિયાથી એક આઝાદ - મુક્ત - ખુશહાલ જીવન. સમજદારી - બુધ્ધિમાની - તર્કથી ઉપર પાગલ જીવન... જ્ઞાતિ - ધર્મ - અટકની જાળમાંથી મુક્ત બેપરવાહ ઇશ્વર વિનાનું જીવન... પાસપોર્ટ, વિઝા, ચેકિંગની વ્યવસ્થાથી દૂર અમર્યાદિત જીવન... બંદૂકો - બોમ્બ કે ધુમાડાનું નહીં માટી - ખૂશ્બુ - ખૂનનું જીવન...!! ભાર વિનાનું - ભવિષ્યની અપેક્ષા વિનાનું... એ જીવન જેની અંદર પણ જીવન અને બહાર પણ જીવન... પણ તેના માટે ઘણું બધું છે જે મારે ને તમારે ફૂંકવું પડશે... સાચી વાત ને?

"માચિસ આપું?"

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૨મી ઓક્ટોબર**

● પ્રભાવશાળી પાર્લામેન્ટેરીયન ડો. રામમનોહર લોહિયાની પુણ્યતિથિ ૧૨-૧૦-૧૯૬૦.તેઓ સિધ્ધહસ્ત લેખક પણ હતા.



● ૧૯૧૧ - શ્રેષ્ઠ બેટધર વિજય મરચંન્ટનો જન્મદિન. તેમની ઝમકદાર રમતની નોંધ વિશ્વભરમાં લેવાઇ છે. ઉત્તમ કોમેન્ટેટર હતા. અંધજન મંડળ માટે ઘણું કાર્ય કર્યું. ૨૭-૧૦-૧૯૮૭ માં તેમનું અવસાન થયું.

● ૧૯૨૮ - સૌ પ્રથમવાર સંપૂર્ણપણે બોલતી ફિલ્મ ધી ટેરર બની.

● ૧૬૦૫ - બાદશાહ સલીમ 'જહાંગીર' નામ ધારણ કરી ગાદીએ બેઠો.



● ૧૯૩૨ - કવિ સુરેશ દલાલનો જન્મદિન.

● ૧૮૧૫ - માનવ સમાજનું કલ્યાણ ઇચ્છનાર શ્રીમતી ઇલિઝાબેથ ફ્રાયનું અવસાન.

● ૧૮૨૨ - બ્રાઝિલ-લિસ્બતથી છૂટો પડી આઝાદ દેશ બન્યો.

# કયું શહેર જહાજ ભાંગવાના ઉદ્યોગ સાથે સંકળાયેલ છે?

### વિષય : ભારતની ભૂગોળ

(૧) સિયાચીન ગ્લેશિયર કયાં આવેલ છે?
(અ) જમ્મુ (બ) લડાખ (ક) સિક્કિમ (ડ) ગઢવાલ
(૨) સાલારજંગ મ્યુઝિયમ ભારતના કયા શહેરમાં આવેલું છે?
(અ) હૈદરાબાદ (બ) બેંગ્લોર (ક) નવી દિલ્હી (ડ) ચેન્નાઇ
(૩) દયાનંદ સરસ્વતીનું જન્મ સ્થળ કયું?
(અ) સિધ્ધપુર (બ) પોંડિચેરી (ક) કલકત્તા (ડ) ટંકારા
(૪) જૈનતીર્થ મહુડી તેના કયા પ્રસાદ માટે પ્રસિધ્ધ છે?
(અ) મોહનથાળ (બ) મગસ (ક) સુખડી (ડ) ચૂરમું
(૫) ઉત્તર ગુજરાતમાં કયો પટ્ટો આદિવાસી પટ્ટા તરીકે ઓળખાય છે?
(અ) શામળાજીનો પટ્ટો (બ) અંબાજીનો પટ્ટો
(ક) પોશીના પટ્ટો (ડ) ખેડબ્રહ્માનો પટ્ટો
(૬) કુલુની ખીણો કયા રાજ્યમાં આવેલી છે?
(અ) ઉત્તર પ્રદેશ (બ) ઉત્તરાંચલ (ક) રાજસ્થાન (ડ) હિમાચલ પ્રદેશ
(૭) નીચેનામાંથી કયું રાજ્ય ચારેબાજુ જમીનથી ઘેરાયેલું છે?
(અ) આંધ્રપ્રદેશ (બ) મધ્યપ્રદેશ (ક) મહારાષ્ટ્ર (ડ) પં. બંગાળ
(૮) 'પિંક સીટી' તરીકે કયું શહેર જાણીતું છે?
(અ) ઉદયપુર (બ) જેસલમેર (ક) જોધપુર (ડ) જયપુર
(૯) દિલ્હીના પ્રખ્યાત બિરલા મંદિરનું ઉદ્‌ઘાટન કયા મહાનુભાન હસ્તે કરવામાં આવ્યું હતું?
(અ) સરદાર પટેલ (બ) મહાત્મા ગાંધી (ક) નહેરૂ (ડ) લાલબહાદુર શાસ્ત્રી
(૧૦) 'શબરી ધામ' મંદિર નીચેનામાંથી કયા જિલ્લામાં આવેલું છે?
(અ) સૂરત (બ) સાબરકાંઠા (ક) વલસાડ (ડ) ડાંગ
(૧૧) 'ડોના પાવલા' બીચ કયાં આવેલો છે?
(અ) આંદામાન-નિકોબાર (બ) પોંડિચેરી (ક) લક્ષ્યદ્વિપ (ડ) ગોવા
(૧૨) નીચેના પૈકી કયા સરોવરમાં ૧૬ મીટર ઊંચી ભગવાન બુધ્ધની પ્રતિમા આવેલી છે?
(અ) ચિલ્કા સરોવર (બ) લેહ સરોવર
(ક) હુસેન સાગર (ડ) દાલ સરોવર
(૧૩) કયું શહેર જહાજ ભાંગવાના ઉદ્યોગ સાથે સંકળાયેલ છે?
(અ) માંડવી (બ) સૂરત (ક) ઓખા (ડ) અલંગ
(૧૪) ધોળકાનું મલાવ તળાવ કોની ન્યાયપ્રિયતાનું પ્રતિક છે?
(અ) હેમચંદ્રાચાર્ય (બ) યશોવર્મા
(ક) સિધ્ધરાજ જયસિંહ (ડ) મીનળ દેવી
(૧૫) 'મનાલી' હિલ સ્ટેશન કયા રાજ્યમાં આવેલું છે?
(અ) સિક્કિમ (બ) ઉત્તરાંચલ (ક) ઉત્તર પ્રદેશ (ડ) હિમાલચ પ્રદેશ




### ● વિવિધા ●

**વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ (નામ, ક્ષેત્ર અને વિશિષ્ટ નોંધ)**

- ફરદૂનજી મર્ઝબાન **(પત્રકારત્વ) : મુંબઇ સમાચારના સ્થાપક**
- ફિરોઝ દાવર **(શિક્ષણ) : અંગ્રેજી સાહિત્ય**
- ફૈયાઝખાં (ઉસ્તાદ) **(શાસ્ત્રીય સંગીત) : વિખ્યાત ગાયક**
- બચુભાઇ રાવત **(પત્રકારત્વ) : સુઘડ પત્રકારત્વના પ્રવર્તક**
- બબલભાઇ મહેતા **(સમાજસેવા) : આજીવન ગ્રામસેવક**
- બળવંતરાય ઠાકોર : **(સાહિત્ય) : વિદ્વાન કવિ અને ગદ્યકાર**
- બાપુલાલ નાયક **(નાટ્યકલા) : વિખ્યાત અભિનેતા**
- બાલકૃષ્ણ વી. દોશી **(સ્થાપત્ય) : વિશ્વવિખ્યાત સ્થપતિ**
- ભક્તિબા દેસાઇ **(સમાજસેવા) : રાષ્ટ્રવાદી સમાજસેવિકા**
- ભગવાનલાલ ઇન્દ્રજી **(પુરાતત્ત્વ અને સંશોધન) : વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા**
- ભિક્ષુ અખંડાનંદ **(સાહિત્ય) : સસ્તુ સાહિત્ય (અમદાવાદ)ના સ્થાપક**
- ભૂલાભાઇ દેસાઇ **(કાયદો) : દેશભક્ત ધારાશાસ્ત્રી**

### ● ગયા સપ્તાહનો સવાલ...?

**સવાલ - ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઇ પટેલ કયા સમયગાળા દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી હતા?**
**જવાબ - ૧૪-૩-૯૫ થી ૨૧-૧૦-૯૫ અને ૪-૩-૯૮ થી ૭-૧૦-૨૦૦૧**

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) હેતલ એમ. પાલોદ્રા : સે-૩
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) ગોમતીબેન કનુભાઈ પરમાર : ૧૭૫૭, સે-૨ડી
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : ૫૫૩/૧, સે-૭બી
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) ડૉ. જયેશ વી. પટેલ
(૭) જયેન્દ્રપ્રસાદ પાઠક : ૬૨૦/૧
(૮) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી

### ● પૂછું એક સવાલ...?

(૧) વિનય બી. વોરા : સે-૨૫થી
પ્રશ્ન - ગુજરાતના કયા શહેરને 'સાક્ષર ભૂમિ' કહેવાય છે?
જવાબ - નડિયાદ
(૨) મેહુલ એચ. પટેલ : સે-૨૭થી
પ્રશ્ન - બિન્દુ સરોવર કયાં આવેલું છે?
જવાબ - સિધ્ધપુર ખાતે
(૩) લત્તા એસ. સોલંકી : સે-૧૭થી
પ્રશ્ન - આરાસુર પર્વત કયા જિલ્લામાં આવેલ છે?
જવાબ - બનાસકાંઠા
(૪) ધ્રુવ એમ. પટેલ : સે-૨૬થી
પ્રશ્ન - અમૂલ ડેરીની સ્થાપના કયારે થઈ હતી?
જવાબ - ઈ. સ. ૧૯૪૬માં
(૫) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - ગુજરાતનાં કયા શહેરમાં કાઠીઓએ બંધાવેલ કોટયર્કનું સૂર્યમંદિર આવેલું છે? જવાબ - કોટાય ખાતે

### ● આ સપ્તાહનો સવાલ...?

શ્રી ગોરધનભાઈ ઝડફીયાની કઈ પાર્ટીનું ગુજરાત પરિવર્તન પાર્ટીમાં વિલીનીકરણ થઈ ગયું?
આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

### સાચા જવાબો :-

(૧)બ (૨)અ (૩)ડ (૪)ક (૫)બ (૬)ડ (૭)બ (૮)ડ (૯)બ
(૧૦)ડ (૧૧)ડ (૧૨)ક (૧૩)ડ (૧૪)ડ (૧૫)ડ

### વજા વાઘાની જેમ ભણો

ખમીરંવત્તા ખેડા જિલ્લાની આ સત્ય ઘટના છે.

મહેમદાવાદ તાલુકાનું નાનું સરખું ગામ - શત્રુંડા. તેમાં એક છોકરો રહે. તે ભારે ખુમારીવાળો! ખમીરવંતો છોકરો. ભવિષ્યનાં સપનાં જુએ.

ભારે મહેનતું.

ભારે પરિશ્રમી.

તેણે નિશ્ચય કર્યો. ભણી ગણીને મોટા માણસ બનવું. પરિવાર, ગામ, જિલ્લાનું નામ રોશન કરવું.

તે સાવ સામાન્ય કુટુંબનો છતાં, સંસ્કાર, પ્રમાણિકતા, પરિશ્રમ મળ્યાં હતા.

તેણે પરિશ્રમને જ પારસમણિ ગણ્યો. મહેનતનો કોઈ વિકલ્પ નથી તે સમજ્યો.




સ્વાવલંબી બની પોતાનો ખર્ચ કાઢવા માટે આજુબાજુનાં ખેડૂતોનાં ખેતરોમાં બાજરી - બાટવાની પૂળા બાંધીને ભેગા કરવાનું શરૂ કરી દીધું.

વનવગડે રખડી બાવળનો ગુંદર ઉખાડી, ભેગો કરી, વહેપારીને વેચવા લાગ્યો.

રોડ-રસ્તાના બાંધકામમાં રૉલર પર પાણીનાં પોતાં મારવાનું કામ કરવા લાગ્યો. કામ કરતાં કરતાં શાળા - કૉલેજમાં પગપાળા જતો. ભણવામાં પહેલો નંબર મેળવે.

એટલું જ નહિ રમતગમતમાં પણ આગળ રહે. ૧૦૦ મીટરની દોડમાં પ્રથમ આવે. ઈ. સ. ૧૯૭૦માં ભાદરણ મુકામે જિલ્લા કક્ષાની ૧૦૦ મીટર દોડમાં પ્રથમ આવ્યો.

કમાનમાંથી તીર છૂટે એવી તીવ્ર ગતિથી તેની દોડ! સસલી જેવી તીવ્ર ગતિ! એની દોડ જોઈ શિક્ષકો વહાલથી સસલી કહેતા. તે મેદાનમાં દોડે ત્યારે 'બક અપ સસલી' કહી પાણી ચઢાવે.

રમતોની સાથે પતંગ ચગાવવાનો પણ શોખીન. ૧૦૦-૧૦૦ પતંગોના પેચ લડાવી કાપી નાખતો.

રમતાં - રમતાં બી.એ., બી.એડ્. થઈ શિક્ષક બન્યો અને શાળાનો આચાર્ય પણ બન્યો. આગળ જતાં જિલ્લા શિક્ષણસંઘનો પ્રમુખ પણ બન્યો.

અનેક સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરી. તેની કદરરૂપે ગુજરાત રાજ્ય તરફથી રાજ્યપાલના હસ્તે ઈ. સ. ૨૦૦૪માં શ્રેષ્ઠ શિક્ષકનું પારિતોષિક પણ મળ્યું. ગુજરાત ગૌરવ એવોર્ડ પણ મેળવ્યો.

તેમનું નામ શ્રી વજેસિંહ વાઘજીભાઇ ડાભી. આજે પણ કોઈ છોકરો ભણવામાં બેદરકાર રહે તો તેનાં વડીલો ઠપકો આપતાં કહે -

"વજા વાઘાની જેમ ભણો"

### ગણતરી : કેટલી બતક ?



**બાળ મિત્રો,**

તમને ખૂબ સગવડ મળે છે અને આનંદથી ભણી શકો તે માટે મમ્મી-પપ્પા તરફથી ખૂબ સહકાર મળે છે. આપણી આસપાસ એવાં કેટલાંયે બાળકો છે જેમણે ભણવા માટે જરૂરી પુસ્તકો - નોટબુકો - રબર - પૅન - પૅન્સિલ પણ મળી શકતાં નથી. કેમ કે, તેમનાં મા-બાપ મહેનત મજૂરી કરીને કમાતાં હોવાથી વધારે પડતો ખર્ચ તેઓ કરી શકતાં નથી.

તેમ છતાં, આ બધાં બાળકો તેમને જરૂરી ચીજ-વસ્તુઓ વહેલી મોડી મળે તો પણ ફરિયાદ કરતાં નથી અને ખૂબ મહેનત અને લગનથી તેમનો અભ્યાસ કરે છે. અને આનંદથી હસતાં - રમતાં તેમનું કાર્ય કર્યા કરે છે.

તમે ખૂબ નશીબદાર છો કે તમને ઘણી બધી સગવડો મળી છે. તો તેના માટે ઈશ્વરનો આભાર માની અને સાચા મનથી ખૂબ મહેનત કરો. અને ખૂબ આગળ વધો.

### ગુજરાતના પર્વત શિખર

દત્તાત્રેય : **ગિરનાર (જિ. જૂનાગઢ)**
સાપુતારા : **(જિ. ડાંગ)**
રતનમલ : **(જિ. પંચમહાલ)**
પાવાગઢ : **(જિ. પંચમહાલ)**
બરડો : **(જિ. જામનગર)**
ધીણોધર : **(જિ. કચ્છ)**
ભૂજિયો : **(જિ. કચ્છ)**
ચોટીલા : **(જિ. સુરેન્દ્રનગર)**
શેત્રુંજય : **(જિ.ભાવનગર)**
આરાસુર : **(જિ. બનાસકાંઠા)**
તારંગા : **(જિ. મહેસાણા)**
વિલ્સન : **(જિ. વલસાડ)**